

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*'વહેલો આવશે' - કહેતા'તા, વર્તારા રોઈ નાખ્યા !*
*ખેડૂતો એ હવામાન ખાતાના વિશ્વાસ ખોઈ નાખ્યા !*
*જોઈ નાખ્યા ટૂંપણાના ખૂણેખૂણા ખૂંદી-ખૂંદી ને*
*હવે ભલભલા શાસ્ત્રીએ પણ હાથ ધોઈ નાખ્યા !*
*(ગાંધીનગર - કોરૂં)*

હાઈકુ

*કરે ડોકિયાં -*
*વાદલ માં સંતાઈ -*
*દુષ્કાળ પણ...*
*(મોંઘવારીનો 'વિકાસ')*

*કરી વિજળી*
*- ને ગાજ્યા પણ બહું !*
*વરસ્યા નહીં*
*નેતાજી ઈંદ્ર)*

### ચિંતન

**કષ્ટ ખલુ મૂર્ષત્વં કષ્ટં ખલુ યૌવનેષુ દારિદ્રયમ્ ।**
**કષ્ટદાય કષ્ટતરં પરગૃહવાસઃ પરાન્નં ચ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

મૂર્ખતા કે કષ્ટ છે, યુવાવસ્થામાં દરિદ્રતા તે પણ કષ્ટ છે, પરંતુ પારકે ઘેર નિવાસ અને પારકાં અન્ન એ તો કષ્ટથી પણ વિશેષ કષ્ટકારક છે.

મૂર્ખ માણસ હાથે કરીને કષ્ટ ને આમંત્રણ આપે છે. યુવાન હોય અને ગરીબી દારિદ્રય હોય તે મોટું કષ્ટ છે.

પરંતુ બીજાના આશ્રયમાં પરાધીન થઈ રહેવું, ખાવા-પીવા-ઉઠવા-બેસવા-બોલવામાં પણ સતત પરાધીનપણું હોય એ તો મોટાંમાં મોટું કષ્ટ છે.

દુખી મન મરે વહાં નહીં રહેતા -
જહાં નહીં ચૈના વહાં નહીં રહેતા.

### સુવિચાર

- કોઈ પણ શબ્દનો અર્થ સહેલો નથી જ હોતો, ભલે શબ્દકોશમાં એ શબ્દનો એક જ એર્થ આપ્યો હશે, પણ જીવનમાં ઉતરતાં એ શબ્દના ઘણા અર્થ થઈ જાય છે **- ટાગોર**
- જગતમાં જે સાહસિક જીવો, જેઓ નવા નવા પ્રશ્નોના તોડ શોધવા તૈયાર થાય છે તેઓ જ સમાજને મહાન બનાવે છે **- બ.ક.ઠાકોર**
- ઈશ્વર બધું જ જુએ છે, નિર્દોષના અપમાનમાં પ્રભુનું અપમાન છે **- એસ. ભટ્ટાચાર્ય**
- દરેક માણસમાં બુદ્ધિ હોવી જોઈએ, પણ એ બુદ્ધિ પરમાત્મા દ્વારા દીક્ષિત હોવી જોઈએ **- માનસસૂત્ર**
- જખમ અને મારના કાવાદાવામાં સભ્યતા અદ્‌ભૂત હિમ્મત બતાવે છે **- બોધિવૃક્ષ**
- હારની પણ કિંમત તો છે જ - પરંતુ આત્માની હારની નહિ **- સંત રોબિન**
- આજનું ઔષધ : સિંધવ અને મરી બાઈક વાટી કાળી દ્રાક્ષ સાથે ચાવીને ખાવાથી પેટ સાફ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજાને તેના દિવાન ઠપકો આપતા કહ્યું, 'જયાં જાવ છો ત્યાં મસ્તક શા માટે નમાવો છો ?, તમે તો રાજા છો, સૌએ તમારી સમક્ષ નમવું જોઈએ.' રાજાએ કહ્યું, આ વાતનો હું સમય આવ્યે જવાબ આપીશ.' દિવાને કહ્યું, હમણાં જ આપો જવાબ. સમય આવ્યે આપીશ એવું શા માટે ?' રાજાએ કહ્યું, 'દીવાન જવાબ આપવાનો પણ એક સમય હોય છે, એ સમયે તમને મારો જવાબ સીધો દિલમાં ઉતરી જશે.' છ મહિના પસાર થયા. એક વાર રાજા અને દીવાન કંઈ કામ માટે બહાર નીકળ્યા હતા ત્યાં રસ્તામાં સ્મશાન આવ્યું. રાજાએ કોઈની એક ખોપરી હાથમાં લઈ દીવાનને કહ્યું, 'આ ખોપરી જરા વેચી આવો.'દીવાન આખુ બજાર ફરી વળ્યો. પણ કાણી કોડી આપીને પણ કોઈએ એ ખોપરી ખરીદી નહીં દીવાને એક વેપારીને તો એમ પણ કહી જોયું, 'હું તને સામેથી પૈસા આપું છું પણ તું આ ખોપરી રાખ' આ ખોપરીનું નું કરવું શું ?' દીવાને પાછા આવી રાજાને કહ્યું, 'રાજન, આ ખોપરીનું કોઈ જ મૂલ્ય નથી.' ત્યારે રાજાએ કહ્યું, 'દિવાનજી, એટલે જ કહું છું કે મસ્તકનું કોઈ જ મૂલ્ય નથી, મૂલ્ય તો છે તમારા વિવેકનું, મસ્તક તો બધાની પાસે છે, પણ વિવેધ પાસે નથી, મસ્તકનું મહત્વ ત્યારે જ છે, જયારે તેમાં વિવેક હોય. શુભવિચાર હોય અને શુદ્ધ બુદ્ધિની સંપદા હોય.'

# મહાસંગ્રામ માટે આરંભાઈ તૈયારીઓ

**તંત્રીસ્થાનેથી...**

ભૂતપૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવગૌડાએ પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીના વિપક્ષી એકતા માટેના પ્રયાસોને બિરદાવ્યા છે; એટલું જ નહીં પરંતુ વડાપ્રધાન પદ માટે એમને અત્યંત યોગ્ય વિપક્ષી ઉમેદવાર લેખાવ્યા છે. ઉત્તરપ્રદેશનાં પૂર્વ મુખ્યમંત્રી બહુજન સમાજનાં પ્રમુખ માયાવતી પણ વિપક્ષી ગઠબંધનનાં મહત્ત્વનાં નેતા હોઈ મહિલાને આ પદ મળે એ સામે પોતાને કોઈ જ વાંધો નથી. એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તાનું સિંહાસન જાળવી રાખવા આકાશપાતાળ એક કરી રહ્યા છે ત્યારે સામે પક્ષે વિપક્ષો એક જૂથ થઈ એમને શિકસ્ત આપવા કૃતસંકલ્પ છે. રાહુલ ગાંધીને પણ વડાપ્રધાન બનવું તો ઘણું ગમે પરંતુ કોંગ્રેસની એકલા હાથે બહુમતી લાવવાની વાત તો દૂર, મમતા-માયાવતી-અખિલેશ અને દેવગૌડા તથા ચંદ્રાબાબુ નાયડુના ગઠબંધનવાળા જૂથમાં સૌથી મોટા ભાગીદાર તરીકે ઊપસવાનું પણ અઘરું લાગે છે. ગત લોકસભાની ચૂંટણી વખતે માત્ર ૪૪ બેઠકો પર સિમટી ગયેલ રાષ્ટ્રીય પાર્ટીએ અલબત્ત, એક પછી એક ઘણાં રાજયોમાં સત્તા ગુમાવી દીધી છે. બિહારમાં લાલુપ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ જોરમાં છે, ઉત્તરપ્રદેશમાં માયાવતી-અખિલેશની 'નજદીકિયાં' આ વખતે ભાજપને ભોંયભેંગો કરી શકે એમ છે. ડાબેરીઓ પણ જયાં જયાં એમની વગ ચાલશે ત્યાં ભાજપ વિરુદ્ધ વિપક્ષને જ મદદરુપ થવાનું વલણ અપનાવશે. તામિલનાડુમાં કરુણાનીધિના નેતૃત્વવાળો ડીએમકે પક્ષ એનડીએની વિરુદ્ધ રહેશે તો જયલલિતાની અનુપસ્થિતિ પણ અન્ના ડીએમકે મોદીનું જ સમર્થન કરશે. એ જ રીતે આંધ્રપ્રદેશમાં રાજયના વિભાજનથી જે સ્થિતિ સરજાઈ છે એ મુજબ ચંદ્રાબાબુ નાયડુ અને તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ કયારેય એક સાથે બેસી શકે એમ નથી. છેલ્લે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતમાં ચંદ્રશેખર રાવની પાર્ટી એનડીએ સાથે છૂપું જોડાણ કરશે એવો નિર્ણય લેવાયો છે. તેલંગાણાના વિકાસ માટે જરૂરી ફંડ છૂટું કરી મોદી ચંદ્રાબાબુ નાયડુથી થનાર સંભવિત નુકશાન ભરપાઈ કરવા રાવને રીઝવી રહ્યા છે. જયલલિતાની ગેરહાજરીમાં તામિલનાડુનો અન્નાદ્રમુક પક્ષ પણ એનડીએ સાથે રહેશે. આમ વિપક્ષોમાં બની શકે એટલી વધુ ફૂટ પડે અને ભાજપને લોકસભાની ચૂંટણીમાં સૌથી મોટી પાર્ટી તરીકે ચૂંટાઈ આવ્યા પછી સરકાર રચવા માટે કમ્ફર્ટેબલ બહુમતી પ્રાપ્ત થઈ જાય, એ દિશામાં યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે, આસામના નેશનલ રજિસ્ટર ઑફ સિટીઝન્સ (એનઆરસી)નો મામલો ભાજપના હિંદુત્વના ટ્રમ્પ કાર્ડને વધુ મજબૂત કરશે. તદુંપરાંત ભાજપ સાથે ઓડિશાના બીજેડી જેવી પ્રાદેશિક પક્ષનું ગઠબંધન પણ નકારી શકાતું નથી. ઝારખંડ મુક્તિ મોરચો છેલ્લી ક્ષણે એનડીએ સરકારનું સમર્થન કરી શકે એમ છે. વિપક્ષો ગેમ તેટલા ધમપછાડા કરે તો પણ એમની પાસે વડાપ્રધાન પદનો કોઈ એક સુનિશ્ચિત ચહેરો નથી એ એની મર્યાદા છે. અલબત્ત, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પગ નીચેથી ધરતી સરકી રહી છે છતાં તેઓ વિવિધ લોકપ્રિય બિલો રજૂ કરી - કરાવી ગ્રાઉન્ડ મજબૂત કરવા કૃતસંકલ્પ છે.

# બંને પક્ષે સમજણના દીવડા પ્રગટે ત્યારે સુવિધાના અજવાળા રેલાશે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'અરે, બોસ, આજે તો મજજા પડી ગઈ.'

'કેમ શું થયું ?'

'અરે, આઠ વર્ષમાં અમદાવાદમા આટલા ખુલ્લા રસ્તાઓ, અડચણ વિના ચાલતો વાહન વ્યવહાર પહેલીવાર જોયો... સેલ્યુટ છે યાર પોલીસતંત્રને...'

●●●

'જોજે હોં બેટા, હવે કયાંયે ચાર રસ્તા પર સ્કૂટર પાર્ક નહિ કરતા, વાહન ટો થઈ જશે ને દંડ ભરવો પડશે...'

●●●

'હવે આ બધું થોડા દા'ડા ભઈ, ફરી પાછું એનું એ જ થઈ જશે, જયાં ને ત્યાં વાહનો જ વાહનો જોવા મળશે જોજો... તો મિત્રએ કહ્યું, 'બકા, ત્યારની વાત ત્યારે, અત્યારે ઘરમાંથી પહેલા હેલ્મેટ લઈને પહેર, પછી સ્કૂટર ચલાવ...'

આ અને આ પ્રકારના અનેક સંવાદો અત્યારે અમદાવાદના ઘરઘરમાં ચર્ચાઈ રહ્યા છે. જે કાં પણ રહ્યું છે એને લોકો આવકારી રહ્યા છે, પ્રશ્નો ઊભા થશે અને સાચી મુશ્કેલી હશે તો એના પર રસ્તા નીકળશે એવો ભરોસો લોકોને તંત્ર ઉપર છે.

વાત છે અમદાવાદ મહાનગરમાં છેલ્લા દસ-પંદર દિવસથી થઈ રહેલા ટ્રાફિક નિયમનની. બન્યું એવું કે કોઈ એક તબક્કે હાઈકોર્ટે પોલીસ તંત્રને અને અમદાવાદ મ્યુનિસિપલ તંત્રને ટ્રાફિક નિયમન યોગ્ય રીતે ન થવા બદલ જરૂરી સૂચના આપી અને શહેરનો ટ્રાફિક યોગ્ય રીતે નિયમન થાય તે દિશામાં તાત્કાલિક પગલા ભરવા માટે કહ્યું.

તે દિ'ની ઘડીને આજનો દિ...' અમદાવાદ શહેરમાં જયાં જયાં સૌથી વધુ ટ્રાફિક જામ સર્જાય છે ત્યાં ત્યાં પોલીસ તંત્રએ એક અભિયાનારૂપો કામગીરી શરુ કરી. ટ્રાફિક નિયમનનો ભંગ કરનારાને એમ ન કરવા સમજાવ્યા, એમને દંડ પણ કર્યો, ટ્રાફિક પોલીસે વધુ ને વધુ સઘન આયોજનો કર્યા, સ્ટાફને વિશેષ કામગીરી સોંપવામાં આવી, શાળા અને કૉલેજોમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમનના પાઠ શીખવવામાં આવ્યા, હોસ્પિટલ્સ, મોલ, વગેરેના જનરલ પાર્કિંગ ખુલ્લા કરાયા, વિના મૂલ્યે કરાયા, ખાણીપીણીના સ્ટોલ ધારકોને પણ માર્ગદર્શન અપાયું કે તમારા ગ્રાહકોને પહેલા કહો કે એ વાહન વ્યવસ્થિત પાર્ક કરે... પરિણામે ૨૫૦ ગ્રામ દાળવડા લેવા જનારને પણ અનુભવ થયો કે 'પહેલા સામે યોગ્ય જગ્યાએ ગાડી પાર્ક કરીને આવો તો જ દાળવડા આપું, નહિતર નહિ.' એમ દુકાનદારે કહ્યું, આમ પોલીસ અને મહાનગરપાલિકાના સક્રિય પ્રયાસોથી ટ્રાફિક જામ અટક્યો, રસ્તા ખુલ્લા થયા વાહનો માટે.

નગર નિયોજન માટે અનિવાર્ય અને સહુને સ્પર્શે એવું ટ્રાફિક નિયમન થતા હાલ તુરત તો લોકોના હૈયે હાશનો અનુભવ થયો છે.



ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરામાં ધર્મ શબ્દના અનેક આયામો છે, અર્થો છે, વિચાર વિસ્તાર પણ છે... આજના સમયમાં જીવાતા જીવન સાથે જોડાયેલો એવો જ એક ધર્મ હોઈ શકે જેને આપણે નાગરિક ધર્મ તરીકે ઓળખીએ છીએ. આ ટ્રાફિક નિયમનમાં તંત્રએ જે કરવાનું હશે તે કરશે પરંતુ વ્યક્તિગત અને સામૂહિક રીતે આપણે પણ એમાં સપોર્ટ સિસ્ટીમ રૂપે જોડાવું પડશે તો જ કોઈ પણ કાર્યના સારા અને લાંબાગાળાના ફળ મળી શકશે.

તાલુકા મથક હોય કે મહાનગર, સાવ નાની નાની બાબતો હોય છે જેની કાળજી લઈએ તો ટ્રાફિક નિયમનમાં આપણે પણ મદદરુપ થઈ શકીએ જે સરવાળે આપણા માટે જ ફાયદાકારક છે.

હેલ્મેટ પહેર્યા વિના સ્કૂટર ન ચલાવીએ, લાઈસન્સ કે ઈન્સ્પોરન્સ વિના પણ વાહન ન ચલાવીએ, બીઆરટીએસ કોરીડોરમાં વાહન ના ચલાવીએ, જયાં ને ત્યાં ટ્રાફિક ને અડચણ થાય તેમ વાહનો પાર્ક ના કરીએ, ઓવર સ્પીડમાં કયારેક વાહનો ના ચલાવીએ, કારમાં સીટ બેલ્ટ બાંધીએ, ટ્રાફિક નિયમન કરી રહેલા પોલીસ કર્મીઓને, સ્વૈચ્છિક સંસ્થાના મિત્રોને અને લાલ-લીલી લાઈટોને આદર આપીએ જેવા ઘણા કાર્યો સામાન્ય માણસ કરી શકે.

સામા પક્ષે બધે NO PARKING ના બોર્ડ લગાવવાથી પણ કામ નહિ થાય.

સરળ - વિના મૂલ્યે પાર્કિંગ કયાંકને કયાંકતો આપવું પડશે. જાહેર પરિવહનના વાહનો તરફ લોકો વધુ પ્રેરાય એ માટે એની ગુણવત્તામાં તંત્રએ સુધારા કરવા પડશે.

બંને પક્ષે જયારે સમજણના દીવડા પ્રગટે ત્યારે સુવિધાના અજવાળા રેલાશે.

# આ લેખ ભયંકર ભાઈબંધને નામ...!



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

માંડ ચાલે છે સ્કૂટર આ લાઈફનું
ને એમાં પડે છે પંકચર, રે મોટું પંચર... પંકચર
મારા દિવસો છે હપ્પીટ્સ જેવા સ્વીટ
ને એમાં છાંટે સંચળ,
જે ચઢાવે ઉતારે જમાનાને
કાંડ કરાવે થઈ પંટર
ને જો ઘેટી ભરાઈ કે લોચા પડ્યા
તો પાછળથી ફટકારે હંટર
ભાઈબંધો ભારે ભયંકર...
ભાઈબંધો ભારે ભયંકર...

આપણા ગાંધીનગરા યુવા સંગીતજ્ઞ ડૉ. કેદાર ઉપાધ્યાય દ્વારા કમ્પોઝ કરવામાં આવેલું આ 'ફ્રેન્ડશીપ એન્થમ' તેમની આગામી ફિલ્મ 'શું થયું?' નું ગીત છે... કેદાર-ભાર્ગવનું મ્યુઝિક ધૂમ મચાવે છે, અને તેમાં પણ 'ફ્રેન્ડશીપ ડે' ના દિવસે જ તેમણે આ ગીત રિલીઝ કર્યું, ૨૪મી ઓગસ્ટે રિલીઝ થનારી આ ફિલ્મ 'છેલ્લો દિવસ'ની સ્ટારકાસ્ટને લઈને ફરી વાર આપણને મનોરંજન આપવા આવી રહી છે.

મિત્રો તો દમની પાઈપ જેવા હોય છે, ભાઈબંધ શબ્દ જ ભાઈ પરથી બન્યો છો, તે આત્મીયતા દર્શક જ છે ને !

બે મિત્રોને સારું બને તો આપણે કહીએ છીએ કે બંને વચ્ચે ભાઈ જેવો સંબંધ છે, અને બે બાઈઓને સારું બને તો આપણે કહીએ છીએ કે બંને વચ્ચે મિત્રો જેવા મેળ છે...

'મિત્રો બનાવવાની કલા' એવું કોઈ પુસ્તક બજારમાં મળતું હોય તે વાંચીને મિત્રો બનતા નથી, મિત્ર તો અનાયાસ, અચાનક જ બની જતા હોય છે...

જે માણસને જીવનમાં એકાદ મિત્ર પણ ન હોય, એ આ દુનિયાનો સૌથી કમનસીબ માણસ છે. દુનિયાની તમામ વસ્તુ હોય પરંતુ મિત્ર વગરનું અસ્તિત્વ બેમતલબનું છે. આંસુ સારવા કોઈ ખભો ન મળે અને હસવા માટે કોઈનો સાથ ન મળે તેનું જીવન ધૂળધાણી છે. ચીજવસ્તુઓથી ઘર ભરાય છે, પરંતુ મન ભરવા માટે તો માણસ જ જોવે.

જે માતા-પિતાએ નાનપણથી લાડકોડથી ઉછેરીને મોટા કર્યા હોય તે ન જાણતા હોય તેવા રહસ્ય આપણા મિત્રો જાણતા હોય છે...

આપણા દરેકના જીવનમાં ગીતમાં જણાવ્યા મુજબના ભયંકર મિત્રો પણ આવન જાવન કરી જ જતા હોય છે, જેને આપણે ઘરવાળાઓથી છૂપાવતા હોઈએ છીએ, ઘણીવાર આપણને વડીલો તરફથી એવું સમજાવવામાં આવતું હોય છે કે, આ છોકરા જોડે ભાઈબંધી ન રાખવી, કારણ કે તે મિત્ર આખાબોલો, હોય, ઘણીવાર એવા અવ્યવહારુ મિત્રો આપણા માતાપિતાને ભલે ન ગમતા હોય, પરંતુ આપણે મઠા તેમનું મૂલ્ય અદકેરું હોય છે.

ઘણીયવાર આપણે આવા ભયંકર દોસ્તોના લીધે લેવા દેવા વગર ભરાઈ પડ્યા હોઈશું, તે વખતની કપરી ક્ષણ આજે યાદ કરીએ તો, હસવું આવે.

આપણી ઝડપી દોડભાગ વાળી જિંદગી, એન ગળાકાપ મોંઘવારી, સર્વાઈવલ ટાસ્ટ. આ બધા બહાના હેઠળ પરિવાર સંકોચાવા લાગ્યા છે. પરિવારના સભ્યો તેમનો ચેતાવિસ્તાર વધારતા નથી અને 'જનરેશન ગેપ'ની સ્પેસને ભરવા માટે મિત્રો જ ઓક્સિજન મસ્ક બની રહે છે.

જિંદગી ટૂંકી થતી જાય છે, અને ઈચ્છાઓની યાદી લાંબી થતી જાય છે, અમે બે અમારા બે વાળી માનસિકતા પણ હવે તો બદલાઈને અમે બે અમારું એકમાં સીમિત થઈને રહી ગઈ છે. પિતરાઈઓ, દાદા, દાદી, ભાભી, કાકા-કાકી, ફઈ વાળું ભર્યું ભાદર્યું કુટુંબ બાળપણથી જ બાળકને જોવા નથી મળતું.

અને વળી આજની ગળાકાપ સ્પર્ધામાં સગાસંબંધીઓ જ ઈર્ષ્યાની કાખગોળી લઈને તેમાંથી છૂપી તલવાર સાથે પાછળથી ઘા કરતા હોય છે.

પતંગિયું જેટલી ઝડપથી એક ફુલથી બીજા ફુલ પર જઈ બેસે છે. તેટલી જ ઝડપથી સમય અને સંબંધનાં પરિણામ બદલાઈ રહ્યાં છે.

આવા સંજોગોમાં લોહીના સગા કરતા પારકા લાગતા આત્મીય સંબંધો વધુ ઉપયોગી થઈ પડ્યા છે અને આ તો આગે સે ચલી આતી હૈ... દુર્યોધનને દુઃશાસન કરતા કર્ણ પર વધુ ભરોસો હતો. રામ પણ સુગ્રીમ અને હનુમાનની મદદથી જ યુદ્ધે ચડેલા ને ! અયોધ્યાથી ભરતને આપાતકાલીન લશ્કર લઈને આવવું આવવાનું નહોતું કહ્યું!

મિત્રતા માટે કોઈ ખૂબ મોટા ગણિતની કે ફિલસૂફીની જરૂર પડતી નથી. એ અજાણ્યા જણને એકબીજાના સાથમાં જરાક નિરાંત લાગે એટલે સ્નેહના સ્વસ્તિક રચાય ન જાય.

લેખની શરુઆતમાં મૂકેલ 'શું થયું...' નું 'ફ્રેન્ડશીપ એન્થમ' એક કવિહૃદયની જેમ મૂલવવાનું નથી, પરંતુ મિત્રના હૃદયથી માણવાનું છે, કોઈ મોટી મોટી ભારેખમ વાતો નથી, પણ સરળ સહજ દોસ્તીનો ચિતાર આપ્યો છે, સાવ જ રોજિંદા વપરાશવાળા શબ્દોથી ગીત બનાવ્યું છે, પરંતુ ખરેખર જે ફિલ છે, તે અવર્ણનીય છે.

'છેલ્લો દિવસ' ફિલ્મ આવી અને ગુજરાતી ફિલ્મોની દશા અને દિશા બદલાઈ ગઈ, તે ફિલ્મમાં પણ કોઈ જ નવી વાતન હોતી કહેવાઈ, આમ જોવા જઈએ તો સ્ટોરી પણ ના હોવા બરાબર હતી, પરંતુ રજૂ કરવાની રીત બેજોડ હતી કૃષ્ણકાન્ત યાજ્ઞિક, ફિલ્મના દિગ્દર્શક પ્રેક્ષકોની નાડ પારખી ગયા છે, ખાસ તો ભાઈબંધોની તેમની વ્યક્તિગત મિરાત ઘણી સમૃદ્ધ હશે, તેમાં બેમત નથી, કારણ કે તેમની ફિલ્મોનો મૂળ ઉદ્દેશ્ય મિત્રતા જ હોય છે... કેદાર-ભાર્ગવની સંગીતકાર બેલડીએ કર્ણપ્રિય સંગીતકારમાં તેમનું નામ નામ તો કયારનું અંકિત કરી દીધું છે, બસ આ તો તેમની યશકલગીમાં વધુ એક પીછાં સમાન બની રહેવાનું છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# રાજેષ વ્યાસ આમ પણ 'મિસ્કીન' અને તેમ પણ 'મિસ્કીન'...



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

કૈંક દુર્લભ છે શ્વાસો જે મફત વહેતી હવા
શ્વાસ મારાથી સહજ લેવાય છે ? આભાર માન
કૈંક મૃત્યુથી બદતર છે પરિસ્થિતિ અહીં,
ટૂંકમાં બહેતર જીવન જીવાય છે, આભાર માન
જ્ઞાનતંતુની બિમારી ને હૃદયની કોઈને,
આ જગત સ્પર્શાય છે ? સમજાય છે ? આભાર માન
કૈંક ઉબાઈ ગયાં છે કૈંક પાગલ થઈ ગયા
જીવવાનું મન પળેપળ થાય છે, આભાર માન
એક સરખુ હશે જો કૈં પણ તો કંટાળી જઈશ
વત્તુ ઓછું જો હૃદય હરખાય છે, આભાર માન
જીભમાં લોચા નથી વળતા ન દદડે આંસુઓ
હોઠ આ ફફડે છે તો બોલાય છે, આભાર માન
વ્હેણ સુકાયા નથી ને અવસર શોભે હજી
આંસુઓ પણ પાંચમાં પુછાય છે, આભાર માન
કાલમાં સૌ જીવનારા હોય છે પરવશ ફક્ત
આજ આ આભાર વશ થઈ જાય છે, આભાર માન

થોડી લાંબી રચના જરૂર છે પણ આ રચનાનો આગવો ઈતિહાસ છે. એકાદ-બે મહિના પહેલાં સુરતનાં 'સ્મૃતિ' ઓડિટોરિયમમાં જયારે ગઝલકાર રાજેશ વ્યાસ, 'મિસ્કીને' તેમની આ ગઝલ રજૂ કરી ત્યારે ખીચો ખીચ ભરેલા હોલમાં 'પીનડ્રોપ સાયલંસ' વચ્ચે એક માણસ ઊભો થયો અને બુલંદ અવાજે બોલ્યો, 'મિસ્કીન સાહેબ, આ ગઝલ ફરી એકવાર રજૂ કરોને... વન્સ મોર પ્લીઝ...' એક મિનિટ માટે આખા ઓડિટોરીયમમાં સન્નાટો છવાઈ ગયો. સેંકડો મુશાયરા કરી ચૂકેલા મિસ્કીન માટે પણ આ પ્રકારની એક વ્યક્તિની દિલથી, 'વન્સ મોર'ની માગણી કંઈક અલગ ભાવ જન્માવતી હતી. કવિએ એકાદ મિનિટના સન્નાટાના પડદાને પ્રેમપૂર્વક ઉઠાવતા 'આભાર માન...' ગઝલ ફરી પ્રસ્તુત કરી. પેલો ભાવક મિત્ર રસ તરબોળ બની ઝૂમી ઊઠ્યો.

વાત કંઈક આમ હતી. એ દિવસે સુરતની એક જાણીતી સંસ્થાએ મિસ્કીન અને સૂર્યભાનુ ગુપ્ત હિન્દી અને ગુજરાતી બે દિગ્ગજ સર્જકો એક મંચ ઉપર ભેગા કરી તેમના 'સંવાદ'નો અનોખો કાર્યક્રમ યોજ્યો હતો. આ સૂર્યભાનુ ગુપ્ત એટલે ખ્યાલ આવ્યોને, હિન્દી સાહિત્ય જગતનું દુષ્યંતકુમાર પછી બડા આદરથી લેવાતુ નામ. ગોધુલી અને આક્રોશ ફિલ્મના સંવાદ લેખક. સલીમ જાવેદની જોડીવાળા જાવેદ અખ્તરના જીગરી મિત્ર. આ કાર્યક્રમમાં સુરતના આઝમભાઈ ઘડિયાળી સાથે સરવા કાનનો શ્રોતા અને સાહિત્યજગતનો ભાવક રઝાકભાઈ મિસ્કીન અને સૂર્યભાનુના 'સંવાદ'ને માણવા આવ્યા હતા. સંવાદ દરમિયાન વાતમાંથી વાત નીકળતા મિસ્કિને એમની જાણીતી ગઝલ 'આભાર માન...' રજૂ કરી. ઓડિટોરીયમમાં શ્રોતાઓ ગઝલ સાથે વહેવા લાગ્યા. પણ ગઝલ સાંભળતા વેંત આ ગઝલ સાથે જોડાયેલો રઝાકભાઈનો ભુતકાળ સળવળીને બેઠો થઈ ગયો.

થોડા સમય પહેલા રઝાકભાઈ અગમ્ય કારણોસર જબરજસ્ત રીતે ડિપ્રેશનમાં સપડાઈ ગયા હતા. એ સમય દરમિયાન રઝાકભાઈને 'આભાર માન...' ગઝલ અચાનક સાંભળવા મળી. રઝાકભાઈ પછી તો આ ગઝલ વારંવાર સાંભળતા ગયા અને ધીમે ધીમે ડિપ્રેશનમાંથી બહાર આવવા લાગ્યા. કેવી અદભુત તાકાત હોય છે, વૈચારિક વિશ્વની અને શબ્દોની ગુંથણીની ! ઈસ્લામમાં આ પ્રકારની ગઝલોને ઈલહામી ગઝલો કહે છે. ઈલહામી એટલે કુરાને શરીફ વાંચીને એમાંથી ઉતરી આવેલી અલૌકિક સંકેત.

'આભાર માન' ગઝલના અવતરણનો ઈતિહાસ પણ ભારે રોમાંચક છે. આજથી દોઢ-પોણા બે દાયકા પહેલાં મિસ્કીન મુંબઈમાં એક મુશાયરામાં તેમના ગઝલપઠન બાદ ઓડિયોરિયમ બહાર તેમની કાર પાસે જતા હતા. ત્યાં અચાનક એમની નજરે રસ્તા ઉપર એક માજીને વાહનો પસાર થતાં જોઈ રહ્યાં હોવાનું દ્રશ્ય નજરે પડ્યું. મિસ્કીન કાર પાસે જવાને બદલે માજી પાસે પહોંચી ગયા. એમણે માજીનો હાથ પકડી પૂછ્યું. ''રસ્તો ક્રોસ કરાવું ? તમે કોઈની રાહ જૂઓ છો ?'' ત્યારે માજીએ મિસ્કિનને જવાબ આપ્યો, 'હા, હું ઓક્સિજનની રાહ જોઉં છું...' અને ઓડિટોરિયમથી હોટલ સુધી પહોંચતા રસ્તામાં મિસ્કિનની કલમે 'આભાર માન...' સરી પડી.

કમાલની વાત તો એ છે કે, જેમ વર્ષો ભોયમાં ધરબાઈને પડી રહે તો પણ સોનાને કાટ ન ચડે એમ લખાયા પછી દોઢ-પોણા બે દાયકા 'આભાર માન...' મિસ્કિનની ડાયરીના પાને અકબંધ પડી રહી. ઘણા વર્ષો પછી સાત આઠ વર્ષો પહેલાં 'અખંડ આનંદ'ના દીપોત્સવી અંકમાં હરિકૃષ્ણભાઈ પાઠકે 'આભાર માન...' ગઝલ પ્રસિદ્ધ કરી. ત્યાર બાદ છેક વર્ષ ૨૦૧૮માં મહેન્દ્રભાઈ મેઘાણીએ મિસ્કિનને ફોન કરી 'અડધી સદીની વાંચન યાત્રામાં 'આભાર માન...' ગઝલ પ્રસિદ્ધ કરવા મંજૂરી માગી. અડધી સદીની વાંચનયાત્રામાં બે જ કવિ સિતાંષુ યશચંદ્ર અને રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની આખે આખી ગઝલ પ્રસિદ્ધ થઈ. મહેન્દ્રભાઈ મેઘાણીના આ પ્રકાશન વિષે જે મિત્રોને ખ્યાલ છે એમને ખબર છે. અડધી સદીની વાંચન યાત્રામાં આખે આખી ગઝલ પ્રસિદ્ધ થવાનું શું ગૌરવ હોઈ શકે. સામાન્ય રીતે મહેન્દ્રભાઈનો આખી ગઝલમાંથી એકાદ બે ચોટદાર શેર જ પ્રસિધ્ધ કરવાનો ઉપક્રમ રહેતો હોય છે. પછી તો વર્ષ ૨૦૧૮માં ગુજરાતી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ના ગુજરાતી પાઠ્ય પુસ્તકમાં 'આભાર માન...'ને સ્થાન આપવામાં આવ્યું.

સુરતમાં એક અનોખા 'સંવાદ' કાર્યક્રમમાં મિસ્કીન દ્વારા રજૂ થયેલી 'આભાર માન...' ગઝલ બાદ રઝાકભાઈનુ ઉભા થઈને 'વન્સ મોર' કહેવાની ઘટનાએ 'આભાર માન...' ગઝલનો રોમાંચક ઈતિહાસ ખોલવાનો સાહજિક ઉપક્રમ ઉભો કરી આપ્યો. કુરાનમાં 'મિસ્કીન' શબ્દનો અર્થ અનોખી રીતે રજુ થયો છે. કુરાન કહે છે કે, ખરેખર ખુંવાર થઈ ગયો હોય પણ ખુદાના બંદા જેવો તેજસ્વી દેખાવ કોઈને એની આર્થિક ફકીરીનો લેશ માત્ર ખ્યાલ ન આવવા દે એવો વ્યક્તિ એટલે 'મિસ્કીન'. જાણીતા શાયર જલન માતરીએ મિસ્કિનનો અર્થ આપતા એકવાર કહ્યું હતું કે, જેને બીજા ટંકના ભોજનની ખબર નથી એવો મુફલીસ એટલે મિસ્કીન. મરીઝ સાહેબે કવિ રાજેશ વ્યાસને 'મિસ્કિન'નો અર્થ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, 'મસ્કન' એટલે ખૂણો અને 'મિસ્કિન' એટલે ખૂણામાં બેસીને અલ્લાહની બંદગી કરનારો ઓલીયો ફકીર. એક અલ્લાહના બંદાએ મિસ્કિન શબ્દને એના આગવા અંદાજમાં રજૂ કરતાં કહ્યું હતું કે, 'અગર એક ભી રોઝા ન રખ્ખા તો કીસી મિસ્કિન કો ખિલાયા જાય...'

સાચી ભાવનાથી રચાયેલા શબ્દાકાશમાં અસંખ્ય લોકોના અરમાનોના તારાઓ ચમકતા હોય છે. શબ્દો દ્વારા રચાતા ભાવ વિશ્વમાં સચ્ચાઈ અને અચ્છાઈનો ટંકાર મિસ્કિનના ગઝલ વિશ્વનો આગવો અંદાજ હોય છે. રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની ગઝલોમાં ઐશ્વરીય સચ્ચાઈ હોય છે. મરીઝ સાહેબે કહ્યા મુજબ કવિ રાજેશભાઈ વ્યાસ વ્યક્તિ તરીકે ખૂણામાં બેસીને દિલથી અલ્લાહની બંદગી કરનારો ઓલીયા ફકીર જેવો 'મિસ્કીન' છે. સાચૂ પુછો તો 'મિસ્કિન' આમ પણ 'મિસ્કીન' અને તેમ પણ 'મિસ્કીન' છે.

**ધબકાર :**

આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી
અર્થ એનો એ નથી કોઈએ સફર ખેડી નથી

**- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**